# સ્વાધ્યાય 8.5

1. **નીચેના દરેકનો સરવાળો શોધો :**

**(a) 0.007 + 8.5 + 30.08**

જ.

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | | | 0 | . | 0 | 0 | 7 |
| + | | | 8 | . | 5 | | |
| + | | 3 | 0 | . | 0 | 8 | |
| | | 3 | 8 | . | 5 | 8 | 7 |

તેથી, 0.007 + 8.5 + 30.08 = 38.587

**(b) 15 + 0.632 + 13.8**

જ.

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 5 | . | 0 | 0 | 0 |
| + | | | 0 | . | 6 | 3 | 2 |
| + | | 1 | 3 | . | 8 | | |
| | | 2 | 9 | . | 4 | 3 | 2 |

તેથી, 15 + 0.632 + 13.8 = 29.432

**(c) 27.076 + 0.55 + 0.004**

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 7 | . | 0 | 7 | 6 |
| + | | | 0 | . | 5 | 5 | |
| + | | | 0 | . | 0 | 0 | 4 |
| | | 2 | 7 | . | 6 | 3 | 0 |

તેથી, 27.076 + 0.55 + 0.004 = 27.630

(d) **25.65 + 9.005 + 3.7**

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 5 | . | 6 | 5 | |
| + | | | 9 | . | 0 | 0 | 5 |
| + | | | 3 | . | 7 | | |
| | | 3 | 8 | . | 3 | 5 | 5 |

તેથી, 25.65 + 9.005 + 3.7 = 38.355

(e) **0.75 + 10.425 + 2**

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | | | 0 | . | 7 | 5 | |
| + | | 1 | 0 | . | 4 | 2 | 5 |
| + | | | 2 | . | | | |
| | | 1 | 3 | . | 1 | 7 | 5 |

તેથી, 0.75 + 10.425 +2 = 13.175

(f) **280.69 + 25.2 + 38**

| | સો | દશક | એકમ | . | દશાંશ | શતાંશ | સહાસ્ત્રાંશ |
|---|---|---|---|---|---|---|---|
| | 2 | 8 | 0 | . | 6 | 9 | |
| + | | 2 | 5 | . | 2 | | |
| + | | 3 | 8 | . | | | |
| | 3 | 4 | 3 | . | 8 | 9 | |

તેથી, 280.69 + 25.2 + 38= 343.89

2. **રશિદે ગણિતની ચોપડી માટે ₹ 35.75 અને વિજ્ઞાનની ચોપડી માટે ₹ 32.60 ખર્ચ્યા. તો રશિદ દ્વારા ખર્ચવામાં આવેલી કુલ રકમ શોધો.**

**જ.** ગણિતની ચોપડી માટે ખર્ચ = ₹ 35.75

+વિજ્ઞાનની ચોપડી માટે ખર્ચ = ₹ 32.60

કુલ ખર્ચ = ₹ 68.35

**3. રાધિકાની માતાએ તેને ₹ 10.50 અને તેના પિતાએ તેને ₹ 15.80 આપ્યા. તો રાધિકાના માતા-પિતા દ્વારા રાધિકાને આપવામાં આવેલ કુલ રકમ શોધો.**

**જ.**

| | |
|---|---|
| માતાએ આપેલ રકમ = | ₹ 10.50 |
| + પિતાએ આપેલ રકમ = | ₹ 15.80 |
| કુલ રકમ = | ₹ 26.30 |

**4. નસરીને 3 મીટર 20 સેમી કાપડ તેના શર્ટ માટે અને 2 મીટર 5 સેમી કાપડ તેના પેન્ટ માટે ખરીદ્યું. તો તેના દ્વારા ખરીદવામાં આવેલ કાપડની કુલ લંબાઈ શોધો.**

**જ.**

| | | | |
|---|---|---|---|
| શર્ટ માટે કાપડ = | 3 મીટર 20 સેમી | = 3.20 | મીટર |
| + પેન્ટ માટે કાપડ = | 2 મીટર 5 સેમી | = 2.05 | મીટર |
| કુલ કાપડ = | | = 5.25 | મીટર |

**5. નરેશ 2 કિમી 35 મીટર સવારે અને 1 કિમી 7 મીટર સાંજે ચાલ્યો. તો નરેશ કુલ કેટલું અંતર ચાલ્યો ?**

**જ.**

| | | | |
|---|---|---|---|
| સવારનું અંતર = | 2 કિમી 35 મીટર | = 2.035 | કિમી |
| + સાંજનું અંતર = | 1 કિમી 7 મીટર | = 1.007 | કિમી |
| કુલ અંતર = | | = 3.042 | કિમી |

**6. સુનિતા તેની શાળા સુધી પહોંચવા 15 કિમી 268 મીટર બસ દ્વારા, 7 કિમી 7 મીટર કાર દ્વારા અને 500 મીટર ચાલીને મુસાફરી કરી, તો તેની શાળા તેના ઘરથી કેટલી દૂર હશે ?**

**જ.**

| | | | |
|---|---|---|---|
| બસ દ્વારા કાપેલું અંતર = | 15 કિમી 268 મીટર | =15.268 | કિમી |
| + કાર દ્વારા કાપેલું અંતર = | 7 કિમી 7 મીટર | = 7.007 | કિમી |
| + પગપાળા કાપેલું અંતર = | 500 | = 0.500 | કિમી |
| કુલ કાપેલું અંતર = | | = 22.775 | કિમી |

**7. રવિએ 5 કિગ્રા 400 ગ્રામ ચોખા, 2 કિગ્રા 20 ગ્રામ ખાંડ અને 10 કિગ્રા 850 ગ્રામ લોટ ખરીદ્યો. તો રવિએ ખરીદેલી વસ્તુઓનું કુલ વજન શોધો.**

**જ.**

| | | | |
|---|---|---|---|
| ચોખાનું વજન = | 5 કિગ્રા 400 ગ્રામ | = 5.400 | કિગ્રા |
| + ખાંડનું વજન = | 2 કિગ્રા 20 ગ્રામ | = 2.020 | કિગ્રા |
| + લોટનું વજન = | 10 કિગ્રા 850 ગ્રામ | = 10.850 | કિગ્રા |
| કુલ વજન = | | = 18.270 | કિગ્રા |